# નૌશાદના નગર સાથેના નાતાનું સ્મરણ મરણ-સંગીતાંજલી



ભારતીય શાસ્ત્રીય સંગીતને ફિલ્મોના માધ્યમથી દૂર-સુદૂર લઈ જતાં સ્વરકાર નૌશાદજી જન્નતનશીન થયા, ફિલ્મ સંગીતમાં અમીટ છાપ મૂકીને જનારા સંગીતકારો મદન મોહન, એસ.ડી. બર્મન, સાનલ ચૌધરી, શંકર જયકિશન, અનિલ વિશ્વાસ, સી.રામચંદ્ર, આ યાદી નૌશાદઅલીના નિધન સાથે લાંબી થઈ છે.

**કલા**

ચિત્રલોક સિને સર્કલનાં નેજા નીચે વરસો પહેલા ભાવનગર આવેલા નૌશાદજીનો સિતારો એ સમયે બુલંદી ઉપર હતો. અહીના ઘણા કલાકારોને નૌશાદને નજીકથી નિરખવાનો મોકો મળ્યો છે.

અનેકવિધ ફિલ્મ સંગીતકારોનાં સ્વરપ્રદાનનું સ્મરણ કરી-કરાવીને રાજેશ વૈષ્ણવ જાહેર સ્મરણાંજલી આપતા આવ્યા છે જે અભિનંદનીય છે. ભાવનગરમાં સંગીત પ્રવૃત્તિને લયબદ્ધ આગળ ધપાવવામાં તેમના ઈતિશિએશન કાબિલે દાદ છે. આ કાર્યમાં સમાજના શ્રેષ્ઠીઓનો સહયોગ પણ નગરની ગરીમાને ઉજળી બનાવી રહ્યો છે જે પ્રશંસનીય છે.

૨૮મી મે એ સ્વામીનારાયણ ગુરુકુળના સભાગૃહમાં હકડેઠઠ શ્રોતાઓની ઉપસ્થિતિમાં રાજેશ વૈષ્ણવના સંગીત સંચાલનમાં નૌશાદને સંગીતાંજલી ભાવનગરના ગાયકો અને વાદ્યકારોએ અર્પણ કરી હતી.

જૂના ફિલ્મી ગીતોના જીવંત એનસાયક્લોપીડિઆ સમાન શ્રીહિદરભાઈ, પ્રીતમ શાહ, રાજેશ વૈષ્ણવ જેવી અનેક વ્યક્તિ અહીં છે. આ વ્યક્તિઓ પાસે મબલખ કલેક્શન છે. પ્રત્યેકનો અલગ લેખ લખી શકાય તેટલી સામગ્રી તેઓની પાસે છે. પણ અહીં નૌશાદના ગીતોની પસંદગીમાં પણ રાજેશ વૈષ્ણવની સૂઝ વ્યક્ત થઈ. વરસાદી માહોલ-લોટની કણકની જેમ બંધાઈ રહ્યો છે ત્યારે આ માહોલની બાંધણીમાં અનુરૂપ એવું નૌશાદનું ફિલ્મ 'રતન'નું સ્વરાંકન રૂમઝુમ બરસે બાદરવાની સ્વાતિ પાઠક અને કોરસની સૌ પ્રથમ પ્રસ્તુતિએ જ કાર્યક્રમની હવા બાંધી દીધી.

સુહાની રાત ઢલ ચૂકી, ફિલ્મ 'ઉડન ખટોલા'નું મેરા સલામ લેજા, 'બૈજુ બાવરા'નું મન તરપત હરી દર્શન, 'દર્દ'નું અફસાના લીખ રહી હું, 'અંદાઝ'નું તું કરે અગર, 'બાબુલ'નું મીલતે હી આંખે, 'સન ઓફ ઈન્ડિયા'નું દિયાના બુજેરી આજ, 'દિદાર'નું મેરી કહાની ભૂલનેવાલે, 'શબાબ'નું ચંદન કા પલના, 'મુગલે આઝમ'નું મુહોબ્બત કી જુઠી, 'અનમોલ ઘડી'નું ઉડન ખટોલે પે ઉડ જાઉં, 'કોહિનુર'નું મધુબન મેં રાધીકા, 'શાહજહાં'નું એ દિલે બેકરાર, 'બૈજુ બાવરા'નું મોરે ભૂલ ગયે સાંવરીયા, 'દિલ દિયા દર્દ લિયા'નું કોઈ સાગર દિલકો, 'બાબૂલ'નું મેરા જીવન સાથી બિછડ ગયા, 'સાથી'નું હુસ્ને જાના ઈધર આ, 'મધર ઈન્ડિયા'નું દુનિયા મેં હમ આયે, 'આદમી'નું આજ પુરાની રાહોં સે, 'દિલ દિયા દર્દ લિયા'નું ફીર તેરી કહાની અને 'સાઝ ઔર આવાજ'નું ટાઈટલ ગીત વગેરે મળીને બાવીશ ગીતો કાર્યક્રમમાં આવરી લેવાયા. ગીતની પસંદગીનું વૈવિધ્ય આવકાર્ય બની રહ્યું. ન ફક્ત શાસ્ત્રીય ગીતો બલ્કે બધાં જ શ્રોતાઓને પોતાની જ ફરમાઈશ લાગે તેવા ગીતો પસંદ કરાયા. પરિણામે રાજેશ વૈશ્રવ, રાજેન્દ્ર અંધારિયા, પ્રિતમ શાહ, દેવેન દવે, હિરેન વૈષ્ણવ, સિદ્ધાર્થ ઠક્કર, ઋતુ મિસ્ત્રી, સ્વાતિ પાઠક, દેવયાની ઓઝા, સુરભી પરમાર, જુઈ ભટ્ટ, માધુરીબેન વૈષ્ણવના કંઠે પ્રસ્તુત થયેલા સઘળા ગીતોમાં સૂર-શ્રુતિનું સામ્ય સરસ જળવાયું. દેવેન્દ્ર મહેતાએ નૌશાદજીના ઈન્ટરવ્યુને હુબહુ સંભળાવ્યા. કમલ વિરાણી, પરિમલ જોબ, કર્મવીર મહેતા, જયેશ મહેતા, અજીત પરમાર વગેરેએ ભેગા મળી નૌશાદના ગીતોના સંગીત વિભાગને ભરીને પ્રસ્તુત કર્યો.

કાર્યક્રમમાં સિદ્ધાર્થ ઠક્કરે ફિલ્મ 'દિદાર'નું મેરી કહાની ભૂલનેવાલે ગીતની કરેલી પ્રસ્તુતિ કલાકારની વય અને ગીતના મૂળ ગાયક રફી સાહેબના સ્વરને જ પકડીને જ ગવાય તે ધ્યાને લઈએ તો દાદ લઈ જાય એવી હતી. કાર્યક્રમના સંચાલિકા ખ્યાતિ મહેતાના પ્રત્યેક ગીતની વચ્ચેના સંવાદને થોડાક શબ્દોમાં કહીએ તો સમગ્ર કાર્યક્રમ 'દુબારા હો...'

✲ યજ્ઞેશ આચાર્ય